મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૯ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં વકરેલી પાર્કિંગની સમસ્યા નિવારવા સાઈન બોર્ડ બનાવાયા

## શિરદર્દ સમાન બનેલા પાર્કિંગ પ્લેસ પર આ બોર્ડ લગાડાશે : બીજી તરફ સે-૧૧માં ટ્રાફિક પોલીસની ટોઈંગ ઝુંબેશ યથાવત







ગાંધીનગર, તા.૨૪

શહેરના સેક્ટર-૧૧ અને સેક્ટર-૨૧ સહિતના કેટલાક કોમર્શિયલ ઝોનમાં પાર્કિંગનો પેચીદો પ્રશ્ન બની ગયો છે. કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં બેઝમેન્ટ પાર્કિંગ હોવા છતાં તેને ખુલ્લું કરવામાં આવતો હોવાથી મુલાકાતીઓએ આડેધડ વાહન પાર્કિંગ કરવાની ફરજ પડી રહી છે. તો બીજી તરફ વાહનચાલકો પણ ચાલવાની આળસને કારણે પોતાનું વાહન પાર્કિંગમાં પાર્ક કરવાની વ્યવસ્થા થોડે દૂર હોવાથી ત્યાં પાર્ક કરવા ન જઈ આડેધડ પાર્કિંગ કરવા લાગ્યા છે. જેને પગલે પાર્કિંગની સમસ્યા શહેરમાં શિરદર્દ સમાન બની ગઈ છે. આ સમસ્યાના નિરાકરણ માટે ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકોને દંડ ફટકારવાની કામગીરી તો ચાલુ જ છે પરંતુ હવે તેમના વાહનો ટોઈંગ કરી દેવાની પણ કામગીરી સઘન બનાવી દેવામાં આવી છે. તો બીજી તરફ આવા માથાના દુખાવા સમાન બનેલા પાર્કિંગ પ્લેસ ઉપર નો પાર્કિંગ ઝોનના સાઈન બોર્ડ લગાડવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. નો પાર્કિંગના સાઈન બોર્ડ તૈયાર કરવા માટે ઓર્ડર પણ આપી દેવાયા છે.

### પાટનગરનો વિચિત્ર કિસ્સો

# પિતાએ પુત્રને બે કરોડનો ચૂનો ચોપડયો

## ઓસ્ટ્રેલિયા રહેતા દીકરાએ બચત કરવા માટે પિતાને રૂપિયા મોકલ્યા કર્યા, ૧૪ વર્ષ પછી રૂપિયા પરત માંગ્યા તો પિતાએ કહી દીધું કે મારી પાસે કશુંય નથી : પિતાએ રાંધેજામાં ફ્લેટની બે સ્કીમો મુકી હતી : પિતા સામે પુત્રએ નોંધાવી પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૪

પાટનગર ગાંધીનગરમાં એક વિચિત્ર કિસ્સો બન્યો હોવાનું ધ્યાને આવ્યું છે. પુત્રએ પોતાના સગા પિતા સામે રૂપિયા બે કરોડની છેતરપિંડી કરી હોવાના આક્ષેપ સાથેની પોલીસ ફરિયાદ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાવી છે. ઓસ્ટ્રેલિયા ખાતે રહેતા પુત્રએ વર્ષ ૨૦૦૪ થી પિતાને તબક્કાવાર બચત માટે રૂપિયા મોકલ્યા હતા. આ રૂપિયાથી ભાગીદારી પેઢી બનાવીને પિતાએ રાંધેજા ખાતે ફ્લેટોની ૨ સ્કીમ પણ મૂકી હતી. પુત્રએ હવે ઓસ્ટ્રેલિયામાં મકાન ખરીદવું હોવાથી આ રૂપિયા પરત માંગતા પિતાએ હાથ અધ્ધર કરી દીધા અને કહ્યું કે મારી પાસે કશુંય નથી. એક કરોડથી વધુ રૂપિયા બચત માટે મોકલાવ્યા હતા અને બીજા ફ્લેટની ભાગીદારી સ્કીમમાં એક કરોડ રૂપિયા જેટલો નફો થયો હતો. એમ મળીને બે કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયાની ફરિયાદ પુત્રએ પિતા સામે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ બી ખાતે પ્લોટ નંબર ૪૫૬માં રહેતા અને વર્ષોથી ઓસ્ટ્રેલિયા સ્થાયી થયેલા જાવેદભાઈ યુસુફભાઈ પટેલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં પોતાના પિતા યુસુફભાઈ ઈસ્માઈલભાઈ પટેલ( રહે. સેક્ટર-૨૯ પ્લોટ નં. ૪૭૫/૨) સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં થયેલા ઉલ્લેખ મુજબ પુત્ર જાવેદભાઈ પટેલ વર્ષ ૨૦૦૪થી પોતાની પત્ની સાથે ઓસ્ટ્રેલિયા ગયા હતા. તબક્કાવાર ઓસ્ટ્રેલિયાથી તેઓ તેમના પિતાને બચતના નાણા ભારત મોકલતા હતા. પુત્ર જાવેદભાઈએ તબક્કાવાર રૂ.૧.૦૫ કરોડ પિતાને મોકલાવ્યા હતા. આ રૂપિયામાંથી પિતાએ ભાગીદારી પેઢી બનાવી રાંધેજા ખાતે ફ્લેટની સ્કીમો બનાવી હતી. ગયા વર્ષે ૨૦૧૭માં પુત્ર જાવેદભાઈએ પોતાને ઓસ્ટ્રેલિયામાં મકાન ખરીદવું હોવાથી પોતાના રૂપિયા પરત માગ્યા હતા. તો બીજી તરફ પિતા યુસુફભાઈએ રૂપિયા તેમની પાસે ન હોવાનું કહીને હાથ અધ્ધર કરી દીધા હતા. પુત્રએ મોકલેલા રૂ.૧.૦૫ કરોડ અને અમર એસોસિએટ્સ નામની ભાગીદારી પેઢીમાં ફ્લેટની સ્કિમમાં કમાયેલા નફાના રૂ.૧ કરોડ મળીને કુલ રૂ.૨.૦૫ કરોડ પુત્રએ પિતા સાથે લેવાના નીકળે છે. જે પરત ન આપી પિતાએ જ પુત્રને ચૂનો લગાવ્યો અને આ સંદર્ભે પુત્રએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં પિતા સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦, ૫૦૪ મુજબ ગુનો દાખલ કરી ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# સર્વનો ત્યાગ કર્યો છે પરંતુ દેશ અને સમાજનો નહી

## પૂ. સુનિલસાગરજી મહારાજે યુવાનોને વ્યસન, ફેશન અને પેશનમાંથી મુકત થઈ સમાજ અને રાષ્ટ્ર માટે કાર્ય કરવા આહવાન કર્યું : સરકારે ખેતીલાયક જમીન ઉદ્યોગોને ફાળવવી જોઈએ નહી : કસાઈખાના તથા હિંસક ઉદ્યોગોને સબસીડી આપવાનું બંધ કરે : પૂ. સુનીલસાગરજી

ગાંધીનગર, તા.૨૪

'અમે બધું જ ત્યાગી દીધું છે પરંતુ દેશ અને સમાજનો ત્યાગ નથી કર્યો, ભગવાન મહાવીર સ્વામીએ જે 'જીઓ ઔર જીને દો' તેમજ 'સૌ હળી મળીને રહો'નો મંત્ર આપ્યો છે તે જ સુત્ર અમે લઈને આવ્યા છીએ.' ગાંધીનગરમાં સેકટર-૨૧ ખાતે ગુજરાતમાં પ્રથમવાર ૪૩ સાધુ સાધ્વીઓના વિશાળ સંઘ સાથે ચાતુર્માસ કરવા પધારેલા દિગંબર જૈન મુનિ આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજે ઉપરોકત શબ્દો કર્યા હતા. આ સાથે તેમણે જણાવ્યું હતું કે સરકારે કસાઈખાના તેમજ હિંસક સંશાધન બનાવતા ઉદ્યોગોને સબસીડી આપવી જોઈએ નહી તેમજ માત્ર બિનખેતી લાયક, બિન ઉપજાઉ કે તદ્દન ઓછી ઉપજ આપતી જમીન જ ઔદ્યોગિક વિકાસ માટે ફાળવવી જોઈએ. ખેતીલાયક જમીન ઉદ્યોગોને આપવી જોઈએ નહીં.

આચાર્ય પૂ. સૂનીલ સાગરજી મહારાજે આજે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે હિંસક ઉદ્યોગોથી વિકાસ ઓછો અને નુકસાન વધુ થાય છે, આ પ્રકારના ઉદ્યોગોને કારણે વિજળી-પાણી તેમજ જમીનની બરબાદી થવાથી ગામડાં ઉજડે છે. ગૌ માતાના સંહારથી માત્ર થોડા સિક્કા મળે છે, બીજું કશું નહીં. આ સાથે તેમણે જણાવ્યુંહતું કે 'ભારતને ભારત



જ રહેવાની જરૂર છે. ઈન્ડિયા કહેવાની જરૂર નથી, ભારત શબ્દ આપણી સંસ્કૃતિ દર્શાવે છે. વિશ્વ કલ્યાણ અર્થે અહિંસા, સદાચાર અને શાકાહારનો પ્રચાર કરતા આચાર્ય એ યુવા શકિતને વ્યસન, પેશન અને ફેશનમાંથી મુકત થઈને રાષ્ટ્ર તથા સમાજલક્ષી કાર્યોમાં જોડાવા સલાહ આપી હતી. આ સાથે તેમણે બેટી બચાઓ, બેટી પઢાઓનો સંદેશ આપતા પર્યાવરણ સુરક્ષા પર ભાર મુકયો હતો. પૂ. આચાર્યએ જણાવ્યું હતું કે સદાચાર અને સંસ્કાર સાથે આનંદમય જીવન જીવવા મન બદલવું જરુરી છે. જયારે મન બદલાય છે ત્યારે જીવન બદલાય છે.'

દેશના અનેક રાજયોમાં ચાતુર્માસ કર્યા પછી આશરે ૧૦ હજાર કિમીની પદયાત્રા બાદ ૨૨મા ચાતુર્માસ માટે ગાંધીનગર પધારેલા પૂ. સુનિલસાગરજી મહારાજે માત્ર ૨૦ વર્ષની ઉંમરે તપસ્વી સમ્રાટ આચાર્ય પૂ. સન્મતિસાગરજી મહારાજના હસ્તે દિગંબરી દીક્ષા પ્રાપ્ત કરી હતી. મધ્યપ્રદેશના સાગર જિલ્લાના તિગોડા ગામમાં જન્મેલા પૂજય સુનિલસાગરજી ૮થી વધુ ભાષાઓનું જ્ઞાન ધરાવે છે. જેમાં અતિપ્રાચીન પ્રાકૃત ભાષા પર તેમની ખૂબ સારી પકડ છે. તેમને જીનવાણીના દરેક શાસ્ત્રના ૧૦ હજારથી વધુ શ્લોકો કંઠસ્થ છે. અને તેમણે ૪૫ ગ્રંથોની રચના કરી છે. જેમાંથી ૨૦ પ્રાકૃત ગ્રંથ છે. વર્ષ ૨૦૦૭માં તેમને આચાર્યપદ પ્રાપ્ત થયું હતું અને ૨૦૧૦માં ગુરુની સમાધિ બાદ ચતુર્થ પટ્ટાધીશ તરીકે પસંદગી પામ્યા હતા. તેમના ચાતુર્માસ દરમિયાન ગાંધીનગરમાં અનેક ધાર્મિક પ્રસંગો ઉજવવાનું સકલ દિગંબર જૈન સમાજે આયોજન કર્યું છે તેવી માહિતી આ પ્રસંગે ઉપસ્થિત અમદાવાદના પૂર્વ મેયર ગૌતમ શાહે આપી હતી.

### શુક્રવારે ગુરૂપૂર્ણિમા તથા રવિવારે મંગળ કળશ સ્થાપન ઉજવાશે

'પૂ. સુનિલ સાગરજી મહારાજના ચાતુર્માસ મહોત્સવમાં આગામી તા. ૨૭મી જુલાઈએ સવારે ૭.૩૦ કલાકે ગુરૂપૂર્ણિમા ઉજવાશે, તા. ૨૮મી જુલાઈએ વીરશાસન જયંતિ પર્વ ઉજવાશે તથા તા. ૨૯મી જુલાઈએ આચાર્ય આદીસાગરજી મહારાજ આંતરરાષ્ટ્રીય જાગૃતિ મંચના અધિવેશન સાથે મંગળ કળશનું સ્થાપન કરી ચાતુર્માસનો વિધિવત પ્રારંભ કરાશે. આ પ્રસંગે ગુજરાતભરમાંથી તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત અન્ય રાજયોમાંથી જૈન શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટશે.'

### મંગળ કળશ સ્થાપના પ્રસંગે રાજયપાલ ઉપસ્થિત રહેશે

ચાતુર્માસ મહોત્સવના ઉપક્રમે યોજાનાર કાર્યક્રમોમાં તા. ૨૭મી જુલાઈએ ગુરૂપૂર્ણિમા ઉજવણીમાં રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તા. ૨૯મી જુલાઈએ મંગળ કળશ સ્થાપન પ્રસંગે રાજયપાલ ઓ.પી. કોહલી, અમદાવાદના ધારાસભ્ય રાકેશભાઈ શાહ અને પૂર્વ મેયર ગૌતમભાઈ શાહ ઉપસ્થિત રહેશે.

# સુંદરકાંડ પરિવારના સુંદરકાંડ પાઠનો ૧૪મો પાટોત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૪

સુંદરકાંડ પરિવાર દ્વારા સેકટર-૧૬, ગાંધીનગર ખાતે બ્રહ્મભવનમાં સુંદરકાંડ પાઠ યજ્ઞના ૧૪મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં તમામ પાઠકગણ પરિવાર સહિત તથા નગરજનો ઉપસ્થિત હતા.

આ પ્રસંગે શ્રી હનુમાનજી મહારાજને તથા શ્રી રામદરબાર અને શ્રી શિવપરિવારને છપ્પનભોગ અને કેક ધરાવવામાં આવ્યા હતા. સમગ્ર ઉપસ્થિત સમગ્ર ભાવિકજનોએ પ્રસાદ તથા ભોજનનો આનંદ લીધો હતો.

સુંદરકાંડ પરિવારના પાઠકો દ્વારા દર મંગળવાર અને શનિવારના રોજ જુદી જુદી જગ્યાએ ગાંધીનગર અને અન્યત્ર સુંદરકાંડના પાઠ કરવામાં આવે છે. દર મંગળવાર અને શનિવારના દિવસે આ મંડળ દ્વારા પાઠ કરવામાં આવે છે. પાઠનો સમય નિશ્ચિત રાત્રિના ૮.૩૦ થી ૧૧.૦૦ રહે છે.

શ્રી અશ્વીનકુમાર પાઠકજી દ્વારા ગવાયેલ સીડીની સાથે સમુહપાઠ કરવામાં આવે છે. પુસ્તકો પરિવાર સ્વખર્ચે છપાવે છે. મ્યુઝિક સીસ્ટમ પણ સ્વખર્ચે વસાવેલ છે.

સુંદરકાંડ પરિવાર દ્વારા તા.૨૩મી જુલાઈ ૨૦૦૫થી શરૂ થયેલ આ પાઠયજ્ઞમાં પાંચ થી છ મિત્રો દ્વારા સુંદરકાંડના માધ્યમથી શ્રી હનુમાનજી દાદાની ભક્તિ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં પરસ્પરના ઘરે જ સુંદરકાંડના પાઠ કરતા હતા. સમયાંતરે પાઠકગણમાં વધારો થતો ગયો અને ત્યારબાદ ગાંધીનગર અને ગુજરાતમાં ઘેર-ઘેર સુંદરકાંડ શું છે અને તેનો મહિમા શું છે અને તેનો પ્રચાર-પ્રસાર થાય અને સનાતન ધર્મ જળવાઈ રહે તેવા ઉદ્દેશથી જે બોલાવે તેના ઘેર જઈને જુદા જુદા સ્થળોએ પાઠ કરવાની શરૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું. તમામ પાઠ નિઃશુલ્ક જ કરવા અને કોઈપણ પ્રકારની દાન-ભેટ રોકડ કે વસ્તુના સ્વરૂપમાં ન જ સ્વીકારવી તથા અહૈતુક પાઠ કરવા એવો નિયમ કરવામાં આવ્યો જે આજ સુધી કોઈપણ પ્રકારના અપવાદ વિના જળવાઈ રહ્યો છે.

સુંદરકાંડ પરિવાર આજે વિશાળ વટવૃક્ષ બન્યો છે અને પરિવારના પાઠકોની સંખ્યા આશરે ૮૯ અને તેમના પરિવારજનો મળીને આશરે ૪૫૦ સુધી પહોંચી છે.

# નકલી પોલીસ દ્વારા લૂંટનો ભોગ બનેલા વધુ બે યુવાનોએ નોંધાવી પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૪

નકલી પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ અને ખાસ કરીને કપલને દમ મારી લૂંટ ચલાવી લેવાના કિસ્સાઓ વધવા લાગ્યા છે ત્યારે બે દિવસ પહેલા જ ઈન્ફોસિટી પોલીસે નકલી પોલીસ પકડી હતી. આ નકલી પોલીસ પકડાયા બાદ વધુ બે નકલી પોલીસના લૂંટના ભોગ બનેલા યુવાનો બહાર આવ્યા છે. ઘ-૦ પાસે બાઈક લઈને ઉભેલા આ બંને યુવાનોને ટાર્ગેટ કરીને અપાચી બાઈક માં આવેલા બે નકલી પોલીસે તેમની સાથે લૂંટ કરી હતી અને નાર્કોટિકસના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી લૂંટ ચલાવી જતા રહ્યા હતા. બંને યુવાનોની લૂંટની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના સાણોદા ગામમાં રહેતા પાર્થ પરેશભાઈ પટેલ આઈટીઆઈમાં અભ્યાસ કરે છે. પાર્થ અને તેના કાકાનો દીકરો દિપ પટેલ ૨૫મી એપ્રિલે ગાંધીનગર ખાતે આરટીઓમાં આવ્યા હતા. ત્યાંથી ઘ-૦ પેટ્રોલ પંપ પાસે પેટ્રોલ પુરાવીને સામેના સર્કલ ખાતે એક શેરડીના કોલા પર રસ પીવા ઊભા રહ્યા હતા. બાઈક સાઈડમાં કરીને ઉભેલા આ બંને યુવાનોને ટાર્ગેટ કરીને અપાચી બાઈક માં બે શખ્સો આવ્યા અને પોતે પોલીસ હોવાની ઓળખ આપી હતી. તમે અહી શું કરો છો? શંકાસ્પદ છો. તલાશી લેવી પડશે. તેમ કહીને દમ મારી નાર્કોટિકસના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. તલાશીના બહાને બંને યુવાનો પાસેથી પાકીટ લઈ લીધા અને બંનેના મોબાઈલ પણ લઈ લીધા હતા. બળજબરી કરીને મોબાઈલ અને પાકીટ મળી કુલ ૨૭ હજાર રૂપિયા નો મુદ્દામાલ લૂંટી લઇ બંને યુવાનોને કહ્યું કે તમે સામે પોલીસ ચોકીમાં આવો. બંને યુવાનો ચાલતા-ચાલતા પોલીસ ચોકી પહોંચ્યા તો ત્યાં અપાચે લઈને આવેલા શખ્સો આવ્યા ન હતા. પછી ખબર પડી કે એ તો નકલી પોલીસ હતી. નકલી પોલીસ પકડાયાના સમાચાર સાંભળીને આ બંને યુવાનો ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ આપવા આવ્યા હતા. ઈન્ફોસિટી પોલીસે બે દિવસ પહેલાં પકડાઈ નકલી પોલીસ પૈકી એક શખ્સ આ લૂંટમાં સંડોવાયેલાનું પણ જાણવા મળ્યું છે. પોલીસે તે દિશામાં પણ ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

# પેથાપુરમાં માર્ગ પર ગાયોના અડીંગાથી ભારે હાલાકી

## ગોકળગતિથી માર્ગ બનાવવાની કામગીરી : જેમાં બનેલા એક તરફના માર્ગ ઉપર ગાયોના અડીંગા રહીશો માટે આફતરૂપ : આ સમસ્યાથી એસ.ટી. બસો ચાર મહિનાથી ગામમાં પ્રવેશી શકતી જ નથી



ગાંધીનગર, તા.૨૪

પેથાપુર નગરપાલિકાની લગભગ ૩૫૦૦૦ જેટલી વસ્તી છે. જેમાં ૧૫૦૦૦થી વધુ લોકો પેથાપુર મધ્યે વસવાટ કરે છે. વ્યાપાર, ધંધા, રોજગાર ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા આ શહેરના આવન જાવન માટે મુખ્ય માર્ગને નવીનીકરણ અપાઈ રહ્યું છે. પરંતુ આ કામગીરી ખુબ જ ધીમી ગતિએ ચાલતી હોવાથી રહીશ અનેક સમસ્યાઓથી ઘેરાઈ ગયા છે. મુખ્ય માર્ગથી પેથાપુર શહેરમાં પ્રવેશવાનો નવીન બની રહેલ માર્ગ સમસ્યાનું મુળ બન્યો છે. ગોકળ ગતિએ ચાલતી કામગીરી થકી હાલ ફકત એક બાજુનો માર્ગ બન્યો છે. જયારે બીજી તરફ હાલ કામ ચાલી રહ્યું છે. આ સીંગલપટ્ટી માર્ગ પર ઠેર ઠેર ગાયોએ કબજો જમાવી દીધો છે. જેથી વાહન લઈને કે ચાલતા જવું પણ કઠિન બન્યું છે. વધમાં પેથાપુર ગામમાં આવતી એસ.ટી. બસો છેલ્લા ચાર મહિનાથી માર્ગનું કામ ચાલતું હોવાથી પ્રવેશ જ કરી શકતી નથી જે કારણે પેથાપુર અંદર રહેતા લોકોને લગભગ બે કિમી ચાલતા જવું પડે છે. તંત્ર દ્વારા આ અંગે અસરકારક પગલાં લઈ રાહત ઉભી કરાય તેવું સૌ ઈચ્છી રહ્યા છે.

### વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખને મળવા આવતા મુલાકાતીઓ માટે ખાસ 'ચા' પીરસાય છે. આ 'ચા' જિલ્લા પંચાયતના પ્રમુખના નિવાસસ્થાનેથી જ બનીને રોજ આવે છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ મંગળવારે કલોલ તાલુકા પંચાયતની મુલાકાત લીધી હતી.

● મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાનમાં જિલ્લાના ૨૩ ટકા બાળકોએ જોડાવાનો ઈન્કાર કર્યો છે. બાળકોનો ઈન્કાર આરોગ્ય તંત્ર માટે ચિંતાનો મુદ્દો બન્યો છે.

### લિંમચમાતાના મંદિરે પૂનમે મહાઆરતી યોજાશે

સેકટર-૧૩ ખાતે આવેલ લિંમચ માતાજીનું મંદિર તા. ૨૭ જુલાઈને શુક્રવારના રોજ ચંદ્રગ્રહણ હોવાથી તે દિવસે બપોરના ૧૨.૩૦ કલાક બાદ મંદિર બંધ કરી દેવામાં આવશે. જે બીજા દિવસે સવારના સમયે ખુલશે. જયારે તા.૨૬ ને ગુરુવારના રોજ પૂનમ નિમિતે સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી રાખવામાં આવી છે. આ મહાઆરતીમાં સૌ ભકતોને હાજર રહેવા સંસ્થાના મંત્રી એ અનુરોધ કર્યો છે.

### ચિરવિદાય

● સ્વ. મંગુબેન શગાજી સોલંકી, ઉ.વ. ૭૫